# શ્રીમદ્ભગવદ્ગીતા અને શાળાશિક્ષણ

ભારતીય ગ્રંથ “ગીતા” માનવીને જીવન જીવવાનો રસ્તો ચીંધે છે, ગીતા એ તો જીવન જીવવાની અને જીવનનો વિકાસ કરવાની જડીબુટ્ટી છે. ગીતા માટે ગાંધીજીએ કહેલું : “એકવાર મારો અનંતકાળ પાસે આવેલો જણાયો ત્યારે મને ગીતા બહુ જ ઓૉસનરૂપ થઇ હતી.........જ્યારે જ્યારે હું બહુ ભારે મુશ્કેલીઓથી ઘેરાઇ જાઉં છું ત્યારે ત્યારે હું ગીતા માતાની પાસે દોડી જાઉં છું અને એમાંથી મારું સમાધાન ન થયું હોય એવું કદી બન્યું નથી.” શિક્ષણનો ધ્યેય પણ વ્યક્તિનો સર્વાંગી વિકાસ કરવાનો, વ્યક્તિને મુશ્કેલીમાંથી બહાર કાઢવાનો, જીવનની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાનો જ છે ! આ રીતે જોતાં ગીતાને શિક્ષણનો પૌરાણિક, આધુનિક અને ભવિષ્ય માટેનો શૈક્ષણિક ગ્રંથ કહી શકાય.

શિક્ષણનો ધ્યેય વ્યકિતમાં ચારિત્ર્ય, નૈતિકતા અને સમતાના ગુણો ખીલવવાનો છે. શિક્ષકે વિદ્યાર્થીમાં સમતાના ગુણો ખીલવવાના છે. ગીતામાં પણ કહ્યું છે.“ સુખદુ:ખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ। તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમવાપ્સ્યસિ।। સુખદુ:ખને, લાભઅલાભને તથા જય-પરાજયને સમાન ગણી યુદ્ધ માટે તું જોડાઇ જા, એ રીતે તું પાપને પામીશ નહીં.” (અધ્યાય. :૨ શ્લોક-૩૮)

કેટલીકવાર વિદ્યાર્થીઓ મહેનત કરે છે. પણ ધારેલું પરિણામ ન મળે ત્યારે હતાશ થઇ જાય છે. કયારેક આપઘાત પણ કરી નાંખે છે. ક્યારેક હતાશ બનીને મહેનત પણ કરવાનું માંડી વાળે છે. વિદ્યાર્થીના વાલી પણ એક એક માર્ક માટે શિક્ષકો સાથે ઝગડતા પણ જોવા મળે છે. આવા વિદ્યાર્થીઓ અને વાલી માટે ગીતામાં કહ્યું છે,“ કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચના મા
કર્મફલહેતુર્ભૂર્મા તે સઙોઽસ્ત્વકર્મણિ।। કર્મમાં જ તારો અધિકાર છે, ફળમાં કદી નથી. તું
કર્મફળના હેતુવાળો ન થા. તેમજ કર્મ ન કરવામાં તારી આસર્ક્તિ ન થાઓ.” (અ.૨ શ્લોક ૪૭)

વિદ્યાર્થીની સ્મૃતિ અને બુદ્ધિ શક્તિ જેટલી વધુ તેટલી તેની સફળતા વધુ. જેને સાચવી રાખવા
ગીતામાં કહ્યું છે,“ ક્રોધાદ્ભવતિ સમ્મોહ: સમ્મોહાત્સ્મૃતિવિભ્રમ:। સ્મૃતિભ્રંશાદ્
બુદ્ધિનાશાત્પ્રળશ્યતિ।। ક્રોધથી મૂઢતા થાય છે, મૂઢતાથી સ્મૃતિનો નાશ થાય છે, સ્મૃતિના નાશથી
બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિના નાશથી મનુષ્ય સંપૂર્ણ નાશ પામે છે” (અ.૨ શ્લોક ૬૩)

કેટલાક વિદ્યાર્થીઓ અને શિક્ષકો નિષ્ફળતાના ડરથી કે અન્ય કોઇ કારણસર કામ ન કરવાનો
નિર્ણય લેતા હોય છે. પરિણામે તેમનો વિકાસ પણ અટકી જાય છે. આ માટે ગીતામાં કહ્યું છે,“ નિયતં કુરુ કર્મ ત્વં કર્મ જ્યાયો હાકર્મણ:। શરીરયાત્રાપિ ચ તે ન પ્રસિદ્ધયેદકર્મણ:।। તું ઈન્દ્રિયો નિયમમાં રાખી કર્તવ્ય કર, કેમ કે કર્મ ન કરવા કરતાં કર્મ કરવું વધારે સારું છે અને કર્મ નહીં કરવાથી તારો શરીરનિર્વાહ પણ સિદ્ધ નહીં થાય.” (અ.૩ શ્લોક ૮)

કેટલાંક શિક્ષકો નબળા વિદ્યાર્થીઓથી કંટાળીને-હતાશ થઇને તેમની પાછળ રસ લઇને કામ કરતાં નથી કે કામ સોંપતા નથી. આચાર્ય પણ નબળાં શિક્ષકને દૂર જ રાખવાનું પસંદ કરીને તેમને કોઇ કામ બતાવતા નથી. આ માટે ગીતામાંથી બોધ લેવા જેવો છે. “ન બુદ્ધિભેદં જનયેદજ્ઞાનાં કર્મસઙિનામ્। જોષયેત્સર્વકર્માણિ વિદ્વાન્યુક્ત: સમાછારન્।। વિદ્વાન પુરુષે કર્મમાં આસક્તિવાળા અજ્ઞાનીઓની બુદ્ધિમાં ભેદ ન ઉપજાવવો, પણ પોતે જ્ઞાનયુક્ત છતાં સારી રીતે કર્મ કરતા રહી અજ્ઞાનીઓ પાસે સર્વ કર્મ કરાવવા.” (અ.૩ શ્લોક ૨૬)

કેટલાક વિદ્યાર્થીઓ અને શિક્ષકો થોડા કામમાં પણ સંતોષ માને છે. કોઇ વિદ્યાર્થી પાસ થાય કે સાઠ ટકા ગુણ મેળવે એટલે સંતોષ માને છે. આ સંતોષ જ તેમના વિકાસ માટે ક્યારેક વિઘ્નરૂપ બને છે. તેની ચેતવણી ગીતા આપે છે. “ત્યક્ત્વા કર્મફલાસઙં નિત્યતૃપ્તો નિરાશ્રય:। કર્મણ્યભિપ્રવૃત્તોઽપિ નૈવ કિંચિત્કરોતિ સ:।। નિત્ય

સંતુષ્ટ રહેનારો, આશ્રય-આકાંક્ષારહિત મનુષ્ય કર્મફળની આસક્તિ છોડીને કર્મમાં પ્રવૃત્ત થાય તો પણ તે કંઇ જ કરતો નથી."(અ.૪ શ્લોક ૨૦)

આજે વિદ્યાર્થી અને શિક્ષકના સંબંધો કથળતા જાય છે, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને જ્ઞાન મેળવવા આપેલી શીખામણ આજના સૌ વિદ્યાર્થીએ ધ્યાનમાં રાખવા જેવી છે. "તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા। ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિન:।। તત્ત્વદર્શી જ્ઞાનીઓ તને એ જ્ઞાનનો ઉપદેશ કરશે. એમને પ્રણામ કરી, એમની સેવા કરી, એમને પ્રશ્નો પૂછી એ જ્ઞાન તું જાણી લે." (અ.૪ શ્લોક ૩૪)

વિદ્યાર્થીઓને જ્ઞાન મેળવવા માટે અનેક લોકો અનેક નુસખા જણાવે છે. પણ જ્યાં સુધી વિદ્યાર્થીને પોતાની જાત અને શિક્ષક પર શ્રદ્ધા ન હોય, તે જ્ઞાન મેળવવા તત્પર ન હોય અને મોજશોખ પાછળ જ મન દોડાવતો હોય તો તેને જ્ઞાન ક્યાંથી મળે? ગીતામાં કહ્યું છે કે," શ્રદ્ધાવાઁલ્લભતે જ્ઞાનં તત્પર: સંયતેન્દ્રિય:। જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમચિરેણાધિગચ્છતિ।। શ્રદ્ધાવાન, તત્પર અને જિતેન્દ્રિય પુરુષ જ્ઞાન મેળવે છે. જ્ઞાન પામીને તરત એ પરમ શાંતિ પામે છે." (અ.૪ શ્લોક ૩૯)

કેટલાક વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યશ્રીઓ માત્ર જ્ઞાનને જ મહત્ત્વ આપે છે, કાર્યને નહીં. જ્ઞાન હોય. પણ જ્ઞાનના પ્રમાણમાં કામ ન કરે. તેમના વાણી અને વર્તન વચ્ચે ભેદ જોવા મળે છે. ખરેખર તો જ્ઞાનનું જેટલું મહત્ત્વ છે તેટલું જ કામને પણ મહત્ત્વ આપવું જોઇએ. ગીતામાં કહ્યા મુજબ, " યત્સાંખ્યૈ: પ્રાપ્યતે સ્થાનં તદ્યોગૈરપિ ગમ્યતે। રૂકં સાંખ્યં ચ યોગં ચ ય: પશ્યતિ સ પશ્યતિ।। જ્ઞાનીઓ જે પરમ પદને પ્રાપ્ત કરે છે એ જ કર્મયોગીઓ પણ પ્રાપ્ત કરે છે. તેથી જે મનુષ્ય જ્ઞાનયોગ અને કર્મયોગને એકરૂપે જૂએ છે એ જ બરાબર જૂએ છે." (અ.પ શ્લોક ૫)

વિદ્યાર્થીઓએ નક્કી કરેલું ધ્યયે પ્રપ્ત કરવા માટે સખત અને સતત મહેનત કરવી પડે. આ માટે શક્તિ મેળવવા પ્રમાણસર ખાવું જોઇએ. વધુ ખાવાથી આળસ આવશે અને નહીં ખાવાથી અશક્તિ આવશે. જો વધુ ઊંઘશો તો કામ નહીં થાય અને બિલકુલ નહીં ઊંઘો તો થાકી જશો. આ માટે ગીતામાં કહેલ છે, "નાત્યશ્નતસ્તુ યોગોઽસ્તિ ન ચૈકાન્તમનશ્નત:। ન ચાતિ સ્વપ્નશીલસ્ય જાગ્રતો નૈવ ચાર્જુન।। હે અર્જુન! બહુખાનારને, કેવળ નહીં ખાનારને, બહુ ઊંઘવાના સ્વભાવવાળાને તેમજ કેવળ જાગનારને યોગ સિદ્ધ થતો નથી." (અ.૬ શ્લોક ૧૬)

શિક્ષણ પ્રાપ્ત કરવા માટે મનને એકાગ્ર રાખવું ખૂબ જ જરૂરી છે. જે અઘરું છે પણ અશક્ય નથી. આ માટે અભ્યાસ-અધ્યયન જરૂરી છે. ગીતામાં જણાવ્યા પ્રમાણે," અસંશયં મહાબાહો મનો દુર્નિગ્રહં ચલમ્। અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે।। હે મહાબાહો! ખરેખર મન ચંચળ અને વશ કરવું મુશ્કેલ છે, તો પણ હે કુંતીપુત્ર ! અભ્યાસ અને વૈરાગ્ય વડે તેને વશ કરાય છે."(અ.૬ શ્લોક ૩૫ )

વિદ્યાર્થીઓમાં રહેલા કેટલાક દુર્ગુણોથી શિક્ષક વ્યથિત બની જાય છે. આ માટે તે ક્યારેક વિદ્યાર્થીને શિક્ષા પણ કરે છે. શિક્ષક એવું વિચારે છે કે કોઇ પણ વિદ્યાર્થીમાં કોઇપણ દોષ હોવો જ ન જોઇએ. પણ શિક્ષક એ સમજવા તૈયાર નથી કે વ્યક્તિમાં ગુણ અને અવગુણ હોવા એ સહજ કુદરતી સિદ્ધાંત જ છે. ગીતામાં પણ સ્પષ્ટ કહ્યું છે કે, "પ્રકૃતિં પુરુષં ચૈવ વિદ્ધચનાદી ઉભાવપિ। વિકારાંશ્ચ ગુણાંશ્ચૈવ વિદ્ધિ પ્રકૃતિસમ્ભવાન્।। પ્રકૃતિ અને પુરુષ એ બંનેને પણ તું અનાદિ જાણ તથા વિકારો અને ગુણોને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા જાણ." (અ.૧૩ શ્લોક ૧૯)

શિક્ષક અને વિદ્યાર્થીઓ જો ગીતાની શક્ષમદદ લેશે તો શાળા-વર્ગશિક્ષણની અનેક સમસ્યાઓનો ઉકેલ મળી જશે. ગીતાના સિદ્ધાંતો શૈક્ષણિક સમસ્યાઓ માટે દિવાદાંડી બની શકે તેમ છે. તમારામાં
જેટલી તાકાત હોય તેલું શિક્ષણ તમે ગીતા પાસેથી મેળવી શકશો.